Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ગોકુલદાસ રાયપુરા કૃત નવલકથા 'સોરઠની પદમણી' ના ઐતિહાસિક પાત્રો

**પરમાર અનીતા વી.**
રિસર્ચ સ્કોલર, પીએચ.ડી. સ્ટુડન્ટ, સૌરાષ્ટ્ર યુનિ.

## પ્રસ્તાવના

ભાતીગળ અને રંગબેરંગી કાઠીયાવાડમાં અનેક રાજા રજવાડા અને રાજકુળોના જીવન,ઘટના અને પાત્રો પરથી અનેક નવલકથાઓ લખાઈ છે. એવી ઘણી ઐતિહાસિક નવલકથાઓ છે જેમાં જે તે સમયની વાસ્તવિકતા ઘણા અંશે આલેખાયેલી હોય છે. જેમાં સ્થળ સમય અને પાત્રોનો પરિચય મળે છે, જો નવલકથામાં ઐતિહાસિક પાત્રો હોય તો તેમના ગુણો જેમકે, ત્યાગ, શૂરવીરતા અને ચારિત્ર્યતા વગેરેનો ખ્યાલ આવે છે અને જો નવલકથામાં કોઈ સ્થળ હોય તો જે તે સમયની સત્તા વખતે કયા કયા સ્થળો અને સ્થાપત્યો બંધાયેલા હતા તેનો ખ્યાલ આવે છે. ચારણ ભાટના દુહાઓ અને લોકવાર્તાની સાથે સાથે ઐતિહાસિક નવલકથાઓમાં પણ ઈતિહાસને જીવંત રાખવાનું એક કાર્ય થાય છે.

અહી નવલકથાકાર ગોકુલદાસ રાયપુરાની પ્રસિદ્ધ નવલકથા 'સોરઠની પદમણી' માં સોરઠ જેવી સતીના ગુણો તેમજ માથાનું દાન દેનાર રા'દિયાસની પ્રેમ અને શોર્યની ભરપૂર સચિત્ર ઐતિહાસિક રીતે આલેખાયેલી છે. અને તે સિવાયના પણ અનેક પાત્રો એવા છે. જેને ઉલ્લેખી શકાય.

## રા'દિયાસ

અગિયારમી સદીની શરૂઆતમાં વામનસ્થળીની ગાદીએ ચુડાસમા વંશનો પાંચમો રાજવી રા'દિયાસ જે ચૂડચંદ્ર, વિશ્વરાહ, રા'ગારિયો, મહિપાળ દેવ(રા'કવાટ) પછીનો રાજા થયો.[1] આ નવલકથામાં રા;દિયાસને નિમવાળા, ટેકધારી, ચારિત્ર્યવાન અને સંગીતપ્રેમી બતાવવામાં આવ્યા છે. જેની પાછળ અનેક દુહાઓ પણ ભાટ અને ચારણોએ રચ્યા હતા. જે દુહાઓને પણ આ નવલકથામાં સમાવવામાં આવ્યા છે. દા.ત.

ભોમ પરખો ઠકકરું; બીજ પરખો કન;
ભોં વિણ ભલા ન નીપજે; નર તૂટીને આન્ન.

આમ રા'દિયાસ કલાપ્રેમી રાજા હતા, તેની સાબિતી રૂપે નવલકથાકાર અહી મરવાડની નૃતયાંગના રાજલના પ્રસંગ ઉપરથી દર્શાવે છે[2] કે તેઓ એક સત્પુરુષ હતા અને નીમ ટેકથી રહેનારા હતા જેમાં તેમની માતાનો ઉછેર ખુબજ મહત્વનો ભાગ ભજવે છે. એ આ નવલકથાના એક પ્રસંગ પરથી સાબિત થાય છે. આના પરથી ખ્યાલ આવે કે પહેલાના સમયના રાજકુંવરોને શીલનું મહત્વ સમજાવવાની જવાબદારી તેમની મતાઓની હતી.

રા'દિયાસને દાનેશ્વરી પણ કહ્યા છે. તેના ઘણા ઉદાહરણ જોવા મળે છે....
દા.ત.

જ્યારે સંતાન પ્રાપ્તિ માટે રા'દિયાસને ત્રીજી વાર લગ્ન કરવા પડે છે ત્યારે તેઓ ભર્યા દરબારમાં નીચે મુજબની નવાજેશો જાહેર કરે છે.

1. ખેડૂતો પર જે કઈ કરવેરા હોય એ બાર વર્ષ સુધી સદંતર માફ કરવામાં આવે છે.

તો આમ તે સમયના રાજાઓ અમુક પ્રસંગે પ્રજા કલ્યાણ માટેની જાહેરાતો કરતાં.જેમકે.....જુનાગઢ નવાબ મહાબતખાનજી ત્રીજાના રાજયઅમલને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રાજ્યનો રજતજ્યંતી મહોત્સવ ઉજવાયો ત્યારે ફંડમાં એકઠાં થયેલ નાણાં સાર્વજનિક દવાખાનામાં વાપરવાનું નક્કી થયું હતું.[૩]

2. રાજ્યની ગૌશાળામાં પચાસ હજાર બીજી ગાયો રાખવાનું ઠરાવવામાં આવે છે.
3. જે ખેડૂતોને ત્યાં આવતા બાર વર્ષમાં પારણા બંધાઈ એ ખેડૂતોને એક એક ગાય રા' તરફથી બાળકોને દૂધ પીવા માટે રાજને ખર્ચે આપવામાં આવશે.
4. ગિરનાર, પ્રભાસ અને ગુપ્તપ્રયાગના જાત્રા કરવા આવનાર યાત્રીઓને આપવું પડતું દાણ બાર વર્ષ માટે નહીં લેવાનું જાહેર કરવામાં આવે છે.

   તો આ નવલકથામાં તે સમયમાં સોરઠમાં યાત્રિકો પાસેથી કર વસૂલ કરવામાં આવતો હતો, એ અહી જાણવામાં આવે છે.[૪]
5. ગૌચર જમીન આજે જેટલી છે, તેથી બમણી કરવાનું ઠરાવવામાં આવે છે.

   આજે જ્યારે વર્તમાન સમયમાં 'ગાય માટે દાન કરો' 'ગાયને બચાવો' તેવા નારા લગાવીને ગાયમાતાને બચાવવાના પ્રયત્ન કરવા પડે છે. જ્યારે આ નવલકથાકારે જે તે સમયમાં રાજાની ઉદારતા બતાવે છે. એટ્લે તે સમયમાં ગાયોનું રક્ષણ કરાતું અને કાળજી લેવાતી એ વાત સાબિત થાય છે.[૫]
6. સોરઠના બ્રામણો માટે વામસ્થળીમાં સંસ્કૃત પાઠશાળા સ્થાપવામાં આવે છે.

   અહીં પણ તે સમયની રાજ્ય તરફની શિક્ષણની રુચિ બતાવે છે.
7. સોરઠના વ્યાપારીઓને જુદાં જુદાં પ્રકારે જે રાજ-કર આપવો પડે છે એ બાર વર્ષ સુધી સદંતર માફ કરવામાં આવે છે.
8. રાજના નોકરોને ચાર પગાર બક્ષિશ આપવામાં આવે છે.
9. રા' ના અંગરક્ષક અર્જુન દેવજીને સોરઠી સરદારનો ખિતાબ આપવામાં આવે છે.
10. સોરઠને ગામડે ગામડે ગ્રામ્ય પંચાયતો દ્વારા રાજ વહીવટ ચલાવવામાં ગોઠવણ કરવાનું જાહેર કરવામાં આવે છે.
11. સોરઠના પાટનગર વામનસ્થળીમાં પ્રજાનું એક પંચ રા'ના સલાહકાર તરીકે નીમવામાં આવે છે, જેમાં ચાર પ્રજાના આગેવાનો અને પાચમાં રાજ્યના મુખ્ય અધિકારી હશે.
12. સોરઠના બાર ચારણ કવિઓને એક એક ગામ આપવામાં આવે છે અને બાકીના સર્વ કવિઓને સોનાના કડા અને સોનાના વેઢ આપવામાં આવે છે.

આમ,રાજા દયાવાન, દાનેશ્વરી અને પ્રજાના હિત માટે જીવનારા દેખાય છે.તો આ નવલકથાકારે અંહી જે-તે સમયની પરિસ્થિતી વર્ણવી છે.તે સમયમાં રાજય આમ ચાલતું રાજાએ બધાનો વિચાર કર્યો છે. બીજું દાનેશ્વરીનું ઉદાહરણ આ કહી શકાય કે.. પાટણ દુર્લભરાજના ચારણ બીજલએ રા' નું માથું માંગ્યું તો તે પણ આપી દીધું જે તેમની દાતારી બતાવે છે. એક દુહો પણ તેમનો મળે છે કે....

બીજલ ઝેરી બીજ તેં વાવી વખ નીપજવ્યા;[૬]

ખરઉં કેતા ખીજ ખાતાં થયો ખૂંવાર તું...૧
તાજી આપ તબીલ મે ગેમર આયા ઘણા...
જોકે નાયમણા આલો શિર વાળો રબળે...૨

**રાણી સોરઠ**

આ રાણી સોરઠ જેને સોરઠની પદમણી કહેવામાં આવે છે.તેને પણ ઐતિહાસિક રીતે નવલકથાકારે ખુબજ વિશેષતાથી પાત્રને દર્શાવ્યું છે.

સૌરાષ્ટ્રના રાજકુળોમાં જેઠવા એક પ્રાચીન રાજપૂત વંશ છે અને રાણાના રાજમાં જન્મેલી અને મોટી થયેલી એટલે સતીસોરઠ. તે સમયની બરડાંની રાજધાની ઘુમલી હતી.[૭] તે આ નવલકથા પરથી જાણવા મળે છે. સોરઠનું નામ તેમની માતા સોરઠ પ્રદેશના હતા તેના પરથી પડ્યું હતું.[૮] આ સમયે પ્રદેશ કે સ્થળ પરથી પણ કુવર-કૂવારીઓના નામ પાડતાં હતા એ વાત જાણવા મળે છે.આ સિવાય સોરઠનુંપાત્ર જોતા લાગે કે તે સમયમાં રજવાડા અને રાજકુળની આબરૂ જ બધુ ગણાતું. માતા-પિતાનું મન જાળવવા રાજકન્યાઓ ગમે તેવા નિર્ણયો સ્વીકારી લેતી અને પોતાની ઇચ્છાઓનું બલિદાન કરતી. તે સમય માં દીકરીઓને પણ શસ્ત્રવિદ્યા શીખવાતી હશે તેવું સોરઠની  યુદ્ધકલાની નિપુર્ણતા પરથી લાગે છે. ઘોડેસવારી પણ ખૂબ સારી જાણે છે. આ નવલકથામાં નવલકથાકારે સતી સોરઠને એક સાચી કુળલક્ષ્મી બતાવી છે જેમાં નિસંતાન હોવાથી પતિને ત્રીજા લગ્ન પરાણે કરાવે છે. તે સમયમાં આવી ઉદારતા સ્ત્રીઓમાં જોવા મળતી હતી.

આ સિવાય પતિની રક્ષા માટે તે હરીભટ્ટ નામના જ્યોતિષની વાણીને પણ ખોટી પાડવા મથે છે, તેમજ એક કુશળ રાજ્યકર્તાની જેમ મહેલમાં ચોકીપહેરો ગોઠવે છે જેની વાત અહી નવલકથાની વિશેષતા કહેવાય... રા'દિયાસ અને રાણી રાજબાઈના પુત્ર રા'નવઘણને બચાવવા સતી થતાં પહેલા વાલબાઈને સોંપે છે. રા'દિયાસનું માથું લઈને પોતે સતી થાય છે. તે સમયમાં સતી પ્રથા હતી તે વાત સાબિત થાય છે અને એક નહિ પણ રા' ની ત્રણ ત્રણ રાણીઓ સતી થઈ છે.[૯]

**વાલી અને અર્જુનદેવ**

અહીં નવલકથાકારે વાલીનું પાત્ર આલેખીને રાજકુળોમાં દાસ- દાસીઓ તેમજ અંગત સેવક-સેવિકાઓ પણ રાજ્યમાં કેટલો ભાગ ભજવે છે તે દર્શાવ્યું છે.અને હકીકતમાં રાજકુળોમાં આવું ચાલતું પણ હતું, કોઇ પણ દાસ-દાસી પોતાના પ્રાણના ભોગે પણ નમકહરામિ કરતું નહિ, તે પોતાના રાજા અને રાજ્યને વફાદાર રહેતા હતા.અહી વાલીનું પાત્ર વફાદારનું દર્શાવવામાં આવ્યું છે.

અહી વાલી હોશિયાર,ચપળ અને બુદ્ધિશાળી હતી,તે દરેક સમસ્યાનો હલ કાઢી લેતી.જેના અનેક ઉદાહરણો આ નવલકથામાં ટાંકયા છે.તે એક દાસી હોય છે પણ નેક દિલની સ્ત્રી હોય છે. તેને મળેલી બક્ષિશ તે જરૂરતમંદોને આપીદે છે. છેલ્લે રા'નવઘણને બચાવવા માટે તે અંત સુધીના પ્રયત્નો કરે છે. આવુજ અંગ રક્ષક રા'ના અર્જુન દેવનું પણ દર્શાવવામાં આવ્યું છે. તે સતી સોરઠને બાલ્યાવસ્થા થી ચાહતો હોય છે. પરંતુ છતાં

રાજ્યના રખોપા માટે અને રા'ના રક્ષણ માટે સદંતર તૈયાર હોય છે...ઋણ માથી કેમ મુક્ત થવું કે ઋણનો બદલો કેવી રીતે આપવો તે જાળવે છે.

આમ,આ પાત્ર પરથી કહી શકાય કે ઘણીવાર રાજ્યના પાયામાં આવા નિષ્ઠાવાન અને વફાદાર માણસોના બલિદાન અને કાર્ય ધરબાયેલા હોય છે. જે નવલકથાના આ પાત્રો દર્શાવે છે.

**ચામુંડરાય અને દુર્લભરાજ**

વાનપ્રસ્થાનઆશ્રમ જેવું જીવન આ સમયના રજાઓ ગાળતા હતાં.તે દુર્લભરાજના પિતા ચામુંડરાયના જીવન પરથી ખ્યાલ આવે છે.આ સિવાય આ નવલકથાકારે તે સમયની અંદર યાત્રા માટે દાણ લેવામાં આવતું હતું. પાટણના રાજા દુર્લભરાજ અને સોરઠના નરેશ રા'દિયાસના મૂળ યુદ્ધનાં કારણમાં દાણજ છે દર્શાવ્યું છે.

**સમાપન**

આમ એકંદરે જોતાં નવલકથાકાર ગોકૂલદાસ રાયચૂરાએ પોતાની આ નવલકથા 'સોરઠની પદમણી'માં ઇતિહાસનાં અનેક પાત્રો સાથે બનેલી ઘટનાઓ આવરી લીધી છે.જેના દ્વારા જે-તે સમયનાં પાત્રોના કાર્યો,બલીદાન અને તેમની નેક,ટેક તેમજ રાજ્યના સિદ્ધાંત માટે જીવનના છેલ્લા શ્વાસ સુધી લડી લેવાની ખુમારીનાં દર્શન થાય છે.સોરઠની એ રાજરાણી કેવું ચાતુર્યપૂર્ણ રીતે રાજધર્મની સાથે રાજના વંશને બચાવીને રક્ષા કરે છે તેનું સચોટ ચિત્ર આ નવલકથામાં ઇતિહાસને જીવંત કરી ઘણે અંશે સાચો ઠરાવે છે.

**સંદર્ભ સૂચિ**


1. ડો. વિક્રમસિંહ રાયજાદા 'સંશોધન' – સૌરાષ્ટ્ર રાજકુળ વિશેષાંક, ધોરાજી, 2003 પૃ. ૪૧
2. રાયપુરા ગોકુલદાસ દ્વારકાદાસ 'સોરઠની પદમણી', સુરત, બીજી આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૯૨ પૃ. ૫
3. ખાચર પ્રદ્યુમ્ન ભ. 'બાબી રાજવંશના ગીતો' જુનાગઢ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭ પૃ.૬૩
4. રાયપુરા ગોકુલદાસ દ્વારકાદાસ 'સોરઠની પદમણી', સુરત, બીજી આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૯૨ પૃ. ૯૯
5. એજન પૃ. ૭૯
6. ડો. વિક્રમસિંહ રાયજાદા 'સંશોધન' – સૌરાષ્ટ્ર રાજકુળ વિશેષાંક, ધોરાજી, 2003 પૃ. ૪૩
7. ખાચર પ્રદ્યુમ્ન ભ. 'ઇતિહાસ સુમન' જુનાગઢ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૧ પૃ. ૧૭
8. રાયપુરા ગોકુલદાસ દ્વારકાદાસ 'સોરઠની પદમણી', સુરત, બીજી આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૯૨ પૃ. ૮
9. એજન પૃ. ૧૬૬